# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12/07/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહમંત્રી આજથી અમદાવાદમાં સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમનો આરંભ કરાવશે - વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરશે.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની 149મી રથયાત્રાની પૂર્વ તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થાની ઉચ્ચ સ્તરીય સમીક્ષા કરી.**
3. **સુરતના છ અસરગ્રસ્ત તાલુકાઓમાં 65 લાખ 21 હજારથી વધુની સહાય ચૂકવાઇ - અસરગ્રસ્તોની મદદ માટે ફ્લડ લોન યોજના શરૂ.**
4. **રાજ્યભરમાં યોજાયેલી લોક અદાલતમાં પાંચ લાખ કરતાં વધુ કેસોનો નિકાલ.**
5. **પાંચમી અને અંતિમ ટી-20 મેચમાં ઇંગ્લેન્ડે ભારતને 56 રનથી હરાવીને 4-0થી શ્રેણી જીતી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# AMIT SHAH AHMEDABAD VRUKSHAROPAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાજ્યના પ્રવાસે છે. આજે તેઓ અમદાવાદમાં સામૂહિક વૃક્ષારોપણ અભિયાનના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહી જાહેરસભાને સંબોધશે. તેમજ વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

સાંભળીએ એક અહેવાલ…………

## VOICE CAST: JAYESH PATEL

*(…. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યના પ્રવાસ દરમિયાન આજે અમદાવાદમાં વિવિધ વિસ્તારમાં વૃક્ષારોપણ અભિયાન હેઠળ યોજનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. સૌપ્રથમ તેઓ સોલાના સાયન્સ સિટીમાં સાયન્સ ડોમ ખાતે સામૂહિક વૃક્ષારોપણ અભિયાનનો શુભારંભ અને વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહેશે. અહીં તેઓ જાહેરસભા પણ સંબોધશે. ત્યારબાદ શ્રી શાહ ભાડજ અને બોપલ વિસ્તારમાં AMC પ્લોટ ખાતે તથા અને ગાંધી આશ્રમ વિસ્તારમાં NDDB પ્લોટ ખાતે વૃક્ષારોપણ કરશે. ઉપરાંત શ્રી શાહ પ્રહલાદનગર વિસ્તારમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ – ABVPના અમીરગઢના કાર્યકર્તા રમણ પટેલના 75-મા જન્મદિવસ સમારોહમાં ઉપસ્થિત રહેશે. ઉપરાંત તેઓ અમદાવાદમાં અંદાજે 60 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવનિર્મિત સરકારી આવાસોનું ઇ-લોકાર્પણ કરશે.*

*જયેશ પટેલ, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)*

# HARIYALI LOKSABHA VRUKSHAROPAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ગાંધીનગર હરિયાળી લોકસભા પરિયોજના હેઠળ મોટાપાયે સ્થાનિક પ્રજાતિનાં વૃક્ષો વવાશે. ગાંધીનગર લોકસભા વિસ્તારને દેશમાં મૉડેલ હરિયાળી લોકસભા મતવિસ્તાર બનાવવાનો સંપલ્પ કરાયો છે. તે મુજબ, રાજ્યના વનવિભાગ દ્વારા 23 હેક્ટર જમીનમાં સુધારણા સાથે બે લાખ 30 હજાર વૃક્ષ વાવવાનું કામ શરૂ કરાયું છે.

**સાંભળીએ એક અહેવાલ.............**

## VOICECAST: SHIRALI CHAVDA

*(.... કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ગાંધીનગર હરિયાળી લોકસભા પરિયોજના હેઠળ આ વર્ષે સવા કરોડ રોપા વાવવાનો લક્ષ્યાંક છે. તે મુજબ, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના 82 સ્થળોએ 540 હેક્ટરથી વધુના વિસ્તારમાં 60 લાખ રોપા વવાશે. આ પરિયોજનામાં સ્થાનિક અને લુપ્ત થતી વનસ્પતિઓ પર ભાર મુકાયો છે. વન અને પર્યાવરણ વિભાગના અગ્રસચિવ વિનોદ રાવે કહ્યું હતું કે, આ અભિયાન હેઠળ ઝડપથી ઉગતા વૃક્ષની જગ્યાએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્થિતિને અનુરૂપ વૃક્ષોની પસંદગી કરવામાં આવી છે. વન વિભાગ દ્વારા કુલ 121 વનસ્પતિની પ્રજાતિઓ વાવવામાં આવશે. તેમાં 80 જેટલી પ્રજાતિઓ સ્થાનિક હશે. એટલું જ નહીં, છ લાખ પાંચ હજારથી વધુ રોપાઓમાં 24 જેટલી દુર્લભ, વિલુપ્ત અને ભયગ્રસ્ત થતી પ્રજાતિ પણ છે.*

*શિરાલી ચાવડા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)*

## RATHYATRA CM REVIEW MEETING

અમદાવાદ મહાનગરમાં છ મિની રથયાત્રાઓ સહિત રાજ્યભરમાં વિવિધ સ્થળોએ યોજાતી **230** રથયાત્રાઓ શાંતિ અને સલામતિ પૂર્વક પાર પાડવા મુખ્યમંત્રીએ માર્ગ દર્શન આપ્યું. રથયાત્રા ઉમંગ અને ઉત્સાહ સાથે શાંતિ, સલામતિ અને સફળતા પૂર્વક પાર પાડવા માટેની પોલીસ અને મહાનગરપાલિકા તંત્રની તૈયારીઓની ઝીણવટ પૂર્વકની સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને કરી હતી.

અમદાવાદમાં રથયાત્રાના રૂટ પર આવતી જર્જરિત ઇમારતો અને મકાનો આસપાસ લોકો રથયાત્રાના દર્શન માટે ભીડ ન કરે તે માટેની ચૂસ્ત વ્યવસ્થાઓ કરવા પણ તેમણે સૂચનાઓ આપી હતી. શહેર પોલીસતંત્ર 'ઝીરો રિસ્ક' અને સંપૂર્ણ

સતર્કતા તથા સજ્જતાથી 31 હજારથી વધુ પોલીસકર્મીઓની સેવાઓ સાથે આ 149મી રથયાત્રા શાંતિ પૂર્વક પાર પડે તે માટે જરૂરી સૂચનો કર્યા હતા.

આ રથયાત્રામાં 240થી વધુ ધાબા પોઈન્ટ, 65 ડ્રોન, 2800થી વધુ બોડી વોર્ન કેમેરાથી અમદાવાદ શહેર પોલીસ યાત્રા પર નજર રાખશે. યાત્રા દરમિયાન અમદાવાદ મહાનગરપાલિકાના 15 મેડીકલ ઓફિસર અને 100 આરોગ્ય કર્મીઓ, 31 ફાયર વ્હીકલ અને 237 ફાયર જવાનો પણ તૈનાત રહેશે. 16 કિલોમીટર લાંબી ભગવાન જગન્નાથની આ રથયાત્રામાં 101 ટ્રકો, 30 અખાડા, 18 ભજન મંડળીઓ જોડાઇને ભક્તિ સભર માહોલ બનાવશે.

## SURAT CASH DOLLS

સુરત શહેરના છ અસરગ્રસ્ત તાલુકાઓમાં બે હજાર 877 લાભાર્થીઓને 65 લાખ 21 હજારથી વધુની આર્થિક સહાય પેટે કેશડોલ્સ તેમજ ઘરવખરી નુકસાનીની સહાય ચૂકવવામાં આવી છે. શહેરના છ અસરગ્રસ્ત તાલુકા વિસ્તારોમાં એક હજાર 918 લાભાર્થી કુટુંબોને ત્વરિત આર્થિક રાહત પૂરી પાડવા માટે 17.26 લાખથી વધુની કેશડોલ્સ સહાય ચૂકવવામાં આવી છે. 959 અસરગ્રસ્ત લાભાર્થીઓને તેમના ઘરના સામાન અને ઘરવખરીના નુકસાનના વળતર પેટે 47 લાખ 95 હજાર રૂપિયાની રોકડ રકમનું વિતરણ કરવામાં આવ્યું છે.

# SURAT FLOOD BANK LOAN

પુરગ્રસ્ત સુરતના લોકોને આર્થિક સહાય આપવા માટે વરાછા સહકારી બેંકે નવ ટકાના વ્યાજ સાથે પાંચ લાખ રૂપિયા સુધીની ફ્લડ લોન યોજનાનો આરંભ કર્યો છે. પૂર અને પાણી ભરાવા સામે સુરક્ષા આપતી નવી વીમા યોજનાઓનું લોન્ચિંગ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યુ હતું. વરાછા બેંકની મુખ્ય કચેરી ખાતે આયોજીત કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પૂરના કારણે થયેલા નુકસાનનું સાચું આકલન કરવા માટે સરકાર દ્વારા 72 કલાકમાં સર્વે પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેમાંથી 80 ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. નાની-મોટી ઇન્ડસ્ટ્રીઝો, દુકાનો અને કોમર્શિયલ એકમોને થયેલા નુકસાનનો અહેવાલ તૈયાર થઈ રહ્યો છે. જેના આધારે રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં રાહત પેકેજ જાહેર કરવામાં આવશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# LOK ADALAT

રાજ્ય સહિત દેશભરમાં ગઇકાલે બીજી રાષ્ટ્રીય લોક અદાલત યોજાઇ હતી. રાજ્યની વિવિધ કોર્ટોમાં યોજાયેલી આ લોક અદાલતોમાં 5 લાખથી વધુ કેસોનો સુખદ નિકાલ કરાયો હતો. ગુજરાતની ઔદ્યોગિક અને મજૂર અદાલતોમાં નેશનલ લોક અદાલતનું ગઇકાલે સફળ આયોજન કરાયું, જેમાં 1508 કેસોનો સુખદ નિકાલ કરાયો. પક્ષકારો વચ્ચે પરસ્પર સમજાવટથી 2.18 કરોડ રૂપિયાથી વધુની રકમનું ઐતિહાસિક સેટલમેન્ટ કરાયું હતું.

સુરત જિલ્લાની તમામ અદાલતોમાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલત દરમિયાન ચેક રિટર્ન, મોટર વાહન અકસ્માત વળતર, બેંક તથા ડી.જી.વી.સી.એલના લેણાં, દિવાની, પારિવારિક, લગ્ન વિષયક તેમજ સમાધાનલાયક ફોજદારી કેસો સહિત વિવિધ પ્રકારના કેસોનો બહોળી સંખ્યામાં સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો અને અનેક પક્ષકારોને વળતરની રકમનું ત્વરિત વિતરણ કરવામાં આવ્યું હતું.

જામનગરમાં ગઇકાલે યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં 1,587 થી વધુ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. ભરૂચ જિલ્લામાં ભરૂચ, અંકલેશ્વર, નેત્રંગ, વાલિયા, વાગરા, આમોદ, જબુસર અને હાંસોટ ખાતે યોજાયેલી લોક અદાલતમાં મોટર અકસ્માત, ભારણ પોષણ, મજૂર તકરાર સહિતના કેસોનો નિકાસ કરાયો હતો.

# CHHOTAUDEPUR JAN SAMVAD THI JAN VIKAS MEETING

છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્રના "જન સંવાદ થી જન વિકાસ" અભિયાનને સફળ બનાવવા માટે લોકસભાના સાંસદ જશુ રાઠવાના નિવાસસ્થાને મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન જન સંવાદથી જન વિકાસ અભિયાન અંતર્ગત જિલ્લાનાં અંતરિયાળ ગામોમાં સામે આવેલી લોકોની સમસ્યાઓને પ્રાથમિકતા આપીને તેમના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી તેમ રાજ્યસભાના સાંસદ મુકેશ રાઠવાએ જણાવ્યું હતું.

**BYTE: MUKESH RATHWA, RAJYA SABHA MP,<br>CHHOTA UDEPUR**

# CRIME BRANCH SURAT

આગામી રથયાત્રા પૂર્વે સુરત ક્રાઈમ બ્રાન્ચે કરેલી કાર્યવાહીમાં 70થી વધુ આરોપીઓ પકડાયા છે. ક્રાઈમ બ્રાન્ચે ઓપરેશન રેમ્બો અંતર્ગત વિવિધ ગુનોઓમાં આવેલા આરોપીઓને ઝડપી પાડતા 70થી વધારે અસામાજિક તત્વો પાસેથી તીક્ષ્ણ હથિયારો મળી આવ્યા હોવાનું સુરતના ઇન્ચાર્જ પોલીસ કમિશનર વાબાંગ ઝબીરે કહ્યું હતું.

**BYTE: WABANG ZABIR, SURAT POLICE COMMISSIONER**

# WEATHER

ગુજરાત અને સૌરાષ્ટ્ર પ્રદેશમાં આગામી સાત દિવસ દરમિયાન છુટા છવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

ઉત્તર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારો માટે આગામી બે દિવસ ખાસ ચેતવણી જાહેર કરવામાં આવી છે, જ્યાં પવનની ગતિ **40** થી **50** કિલોમીટર અને દરિયામાં કરંટ વધતાં વધુમાં વધુ **60** કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે તેમ છે.

# CRICKET

ક્રિકેટમાં ગઈકાલે સાઉથમ્પ્ટનમાં રમાયેલી પાંચમી અને અંતિમ ટી-**20** આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ઇંગ્લેન્ડે ભારતને **56** રનથી હરાવીને શ્રેણી **4-0**થી જીતી લીધી.

ઇંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરતા ત્રણ વિકેટે **257** રન બનાવ્યા. જવાબમાં ભારતીય ટીમ નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે માત્ર **201** રન જ બનાવી શકી. ઈંગ્લેન્ડ તરફથી સૌથી વધારે જોશ બટલરે માત્ર 64 બોલમાં 131 રનની રમત રમી અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. મંગળવારે ભારત ઇંગ્લેન્ડ સામે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની પ્રથમ મેચ રમશે.

# VALSAD GANJO

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના કોસીમપાડા ગામમાં ગેરકાયદેસર ગાંજાના વાવેતરનો પર્દાફાશ થયો છે. વલસાડ **SOG**એ ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી ખેતીની જમીનમાંથી **20** લીલા ગાંજાના છોડ સાથે એક યુવકની ધરપકડ કરી હતી. પોલીસે કુલ નવ લાખ 55 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# DAM GATE BROKE

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકામાં આવેલા રંઘોળા ડેમનો 15 નંબરનો દરવાજો અચાનક ટેકનિકલ ખામીના કારણે તૂટી પડ્યો હોવાની ઘટના બની છે, આના કારણે ડેમમાં સંગ્રહિત લાખો લીટર પાણીનો જથ્થો નિરર્થક વહી રહ્યો છે.

અમારા પ્રતિનિધિના જણાવ્યા અનુસાર ઘટનાની જાણ થતાં જ વહીવટી તંત્ર અને સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ક્ષતિગ્રસ્ત દરવાજાઓનું રિપેરિંગ કામ શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.